વડોદરા, બુધવાર ૧૨ એપ્રિલ, ૨૦૦૬

ફાસ્ટ અને ફોરવર્ડ વડોદરા

ભાસ્કર city

માલ હૈ
તો
તાલ હૈ...

પાના
નં. ૪

DIVYA BHASKAR's JOB GALLERY
The best medium to reach the right people
Every Tuesday Thursday & Saturday
Only Rs.300/-
City Office : 3rd Floor, Glacier Complex, Nr. Pizz-in, Jetalpur Road, Vadodara. Ph. : 0265-5522129, Fax : 2355311

ગુજરાતી સાહિત્ય @ ઈન્ટરનેટ

નવી પેઢીને ગુજરાતી સાહિત્યનો ચસકો લગાડવાના આશયથી વડોદરાના મૃગેશ શાહે રીડ ગુજરાતી ડોટ કોમ વેબસાઇટ તૈયાર કરી

■ ધીરજ ઠાકોર
t_dhiraj@guj.bhaskarnet.com

'આપણે ત્યાં ગુજરાતી સાહિત્યનું સર્જન થાય છે અને વેચાય પણ છે. પરંતુ મોટેભાગે પુસ્તકો પુસ્તકાલયમાં જ પડયાં રહે છે અથવા તો નિવૃત્તો માટે સમય પસાર કરવાનું સાધન બની જાય છે. મારે આ પ્રથાને બદલી આજના યુવાનોને પણ ગુજરાતી સાહિત્ય અને ભાષા સાથે પરિચય કરાવવો છે. તેમને પુસ્તકો વાંચતા કરવા છે આથી જ મેં નવી પેઢીને અનુકુળ એવી 'રીડગુજરાતી.કોમ' નામની વેબસાઇટ બનાવી છે.' આત્મવિશ્વાસથી છલકાતા આ શબ્દો છે વડોદરાના ન્યૂ વી.આઇ.પી. રોડ પરની ગીતાપાર્ક સોસાયટીમાં રહેતા ૨૭ વર્ષીય યુવાન મૃગેશ શાહના.

પોતાના આ કાર્ય વિશે મૃગેશ કહે છે કે, 'થોડા સમય પહેલાં સમારંભમાં એક વિદ્યાર્થીએ જૂના સોફ્ટવેર વાપરવાના ગેરફાયદા સમજાવતાં કહ્યું કે, 'જૂના સોફ્ટવેર વાપરવા એટલે જાણે કે ફિલ્મ અને મ્યૂઝિકના જમાનામાં ગુજરાતી સાહિત્યની ચોપડી લઇને વાંચવા બેસવું' તેની ટીપ્પણીથી હોલમાં બધા હસવા લાગ્યા, પરંતુ મને આઘાત લાગ્યો કે ગુજરાતી સાહિત્યની યુવાનોમાં આવી છાપ છે? એક સમયે જે સાહિત્યને સંસ્કાર સિંચનનું શ્રેષ્ઠ માધ્યમ માનવામાં આવતું તે આજે મનોરંજનનાં સાધનોની તુલનામાં પણ નથી રહ્યું? આથી મેં યુવાનોમાં ગુજરાતી સાહિત્યને લોકપ્રિય બનાવવાનો પડકાર ઝીલી લેવાનો નિર્ધાર કરીને વેબસાઇટ બનાવવાનો નિર્ણય કર્યો.'

મૃગેશે કહ્યું કે, 'આ વેબસાઇટ બનાવવા પાછળ મારો આશય એ હતો કે, યુવાનોમાં સાહિત્યના બધા પ્રકારનું વાંચન થવું જોઇએ, તેમજ સમાજનો દરેક વર્ગ વાંચતાં રહે એ સ્વસ્થ સમાજ માટે ખૂબ જ જરૂરી છે.'

રીડગુજરાતી.કોમ શું છે

- સાહિત્ય, કાવ્યો, બાળવાર્તાઓ, જોક્સ, અજમાવી જુઓ, કાર્ટૂન ને વાનગી પર આધારિત ૨૫૦થી વધુ લેખો
- ઉમાશંકર જોશી, પ્રિયકાંત પરીખ, ગુણવંત શાહ, વર્ષા અડાલજા, સુરેશ દલાલ, રઘુવીર ચૌધરી, તારક મહેતા જેવા વિદ્વાન સાહિત્યકારોના લેખો.
- હાલ આ વેબસાઇટનાં સાઉદી અરેબિયા, ઇંગ્લેન્ડ, લંડન, તુર્કી, ઓમાન, પાકિસ્તાન, અમેરિકા, જાપાન, ફ્રાન્સ, રશિયા જેવા દેશોના ૩૦ હજારથી વધુ વાચકો છે.

સલમાનને સજા થવા છતાં વડોદરાની યુવતીઓની સલ્લુમિયાં પ્રત્યેની ચાહનામાં કોઇ જ ઘટાડો થયો નથી

ફિર ભી સલમાન કો પ્યાર કિયા